नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૩૨

# દેવેન્દ્રસ્તવ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૩૨

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૩૨) દેવેન્દ્રસ્તવ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397**

**Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in**

-: ટાઈપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |

# આગમસૂત્ર- ૩૨ 'દેવેન્દ્રસ્તવ'

## પ્રકીર્ણક સૂત્ર- ૯ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| ૧ | મંગલ, દેવેન્દ્ર વિષયક પૃચ્છા | ૦૬ | ૫ | વૈમાનિક અધિકાર | ૧૩ |
| ૨ | ભવનપતિ અધિકાર | ૦૬ | ૬ | ઇસત્પ્રાગ્ભારાપૃથ્વી, સિદ્ધ અધિકાર | ૧૯ |
| ૩ | વાણવ્યંતર અધિકાર | ૦૯ | ૭ | જિન ઋદ્ધિ અને ઉપસંહાર | ૨૧ |
| ૪ | જ્યોતિષ્ક અધિકાર | ૧૦ | --- | ----------------------------- | |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह (प्रा-सं-गु)** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-આગમ સાહિત્ય (કુલ પુસ્તક) 518**

2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) **085**

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય **603**

# [૩૨] દેવેન્દ્રસ્તવ

## પ્રકીર્ણકસૂત્ર-૯- ગુજરાતી ભાવાનુવાદ

**ગાથા-૧ થી ૩**

૧. ત્રૈલોક્ય ગુરુ, ગુણોથી પરિપૂર્ણ, દેવ અને મનુષ્યો વડે પૂજિત, ઋષભ આદિ જિનવર તથા અંતિમ તીર્થંકર શ્રી વર્ધમાન મહાવીરને નમસ્કાર કરીને –

૨. નિશ્ચે આગમવિદ્ કોઈ શ્રાવક, સંધ્યાકાળના પ્રારંભે,
જેણે અહંકાર જિત્યો છે તેવા વર્ધમાન મહાવીર સ્વામીની સ્તુતિ કરે છે, તે સ્તુતિ કરતા –

૩. શ્રાવકની પત્ની સુખપૂર્વક સામે બેસી, સમભાવથી બંને હાથ જોડી વર્ધમાન સ્વામીની સ્તુતિ સાંભળે છે.

**ગાથા-૪**

તિલકરૂપી રત્ન અને સૌભાગ્યસૂચક ચિહ્નથી અલંકૃત ઇન્દ્રની પત્નીની સાથે અમે પણ –
..... માન ચાલ્યું ગયું છે તેવા વર્ધમાન સ્વામીના ચરણોમાં વંદના કરીએ છીએ.

**ગાથા-૫**

વિનયથી પ્રણામ કરવાને કારણે જેમના મુગટ શિથિલ થઈ ગયા છે, તે દેવો દ્વારા અદ્વિતીય યશવાળા અને ઉપશાંત રોષવાળા વર્ધમાન સ્વામીના ચરણો વંદિત થયા છે.

**ગાથા-૬**

જેમના ગુણો દ્વારા બત્રીશ દેવેન્દ્રો પૂરી રીતે પરાજિત કરાયા છે, તેથી તેમના કલ્યાણકારી ચરણોનું અમે ધ્યાન કરી રહ્યા છીએ. (મંગલાચરણ કર્યું.)

**ગાથા-૭ થી ૧૦**

૭). તે શ્રાવક પત્ની પોતાના પ્રિયને કહે છે કે આ રીતે જે બત્રીશ દેવેન્દ્રો કહેવાયા છે, તે વિશે મારી જિજ્ઞાસા સંતોષવા વિશેષ વ્યાખ્યા કરો –

૮). તે બત્રીશ ઈન્દ્રો ૧. કેવા છે ? ૨. ક્યાં રહે છે ? ૩. કોની કેવી સ્થિતિ છે ? ૪. ભવન-પરિગ્રહ કેટલો છે ?

૯). ૫. કોના વિમાન કેટલા છે ? ૬. કેટલા ભવન છે ? ૭. કેટલા નગર છે ? ૮. ત્યાંની પૃથ્વીની પહોળાઈ અને ઊંચાઈ કેટલી છે ?

૧૦). તે વિમાનોનો વર્ણ કેવો છે ? ૧૦. આહારનો જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ કાળ કેટલો છે ? ૧૧. શ્વાસોચ્છ્વાસ, અવધિજ્ઞાન કેવા છે ? તે કહો.

**ગાથા-૧૧**

જેણે વિનય અને ઉપચાર દૂર કર્યા છે, હાસ્યરસને સમાપ્ત કર્યો છે, તેવી પ્રિયા દ્વારા પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં તેના પતિ કહે છે – હે સુતનુ ! સાંભળો.

**ગાથા-૧૨,૧૩**

૧૨. પ્રશ્નના ઉત્તરરૂપ શ્રુતજ્ઞાનરૂપી સાગરથી જે વાત ઉપલબ્ધ છે, તેમાં ઈન્દ્રોની નામાવલીને સાંભળો–

૧૩. અને વીર દ્વારા પ્રણામ કરાયેલ તે જ્ઞાનરૂપી રત્ન કે જે તારાગણની પંક્તિ જેમ શુદ્ધ છે, તેને પ્રસન્ન ચિત્તે સાંભળો.

### ગાથા–૧૪ થી ૧૯

૧૪. હે વિકસિત નયનોવાળી સુંદરી ! રત્નપ્રભા પૃથ્વીમાં રહેવાવાળા, તેજોલેશ્યાથી સહિત વીશ ભવનપતિ દેવોના નામ મારી પાસે શ્રવણ કરો.

૧૫) ૧. અસુરોના બે ભવનપતિ ઈન્દ્રો - ચમરેન્દ્ર, અસુરેન્દ્ર.
૨. નાગકુમારના બે ઈન્દ્રો - ધરણ, ભૂતાનંદ.

૧૬) ૩. સુવર્ણકુમારના બે ઈન્દ્રો - વેણુદેવ, વેણુદાલી.
૪. ઉદધિકુમારના બે ઈન્દ્રો - જલકાંત, જલપ્રભ.

૧૭) ૫. દ્વીપકુમારના બે ઈન્દ્રો - પૂર્ણ, વશિષ્ટ.
૬. દિશાકુમારના બે ઈન્દ્રો - અમિતગતિ અને અમિતવાહન.

૧૮) ૭. વાયુકુમારના બે ઈન્દ્રો - વેલંબ, પ્રભંજન.
૮. સ્તનિતકુમારના બે ઈન્દ્રો - ઘોષ, મહઘોષ.

૧૯) ૯. વિદ્યુત્કુમારના બે ઈન્દ્રો - હરિકાંત, હરિસ્સહ.
૧૦. અગ્નિકુમારના બે ઈન્દ્રો - અગ્નિશીખ, અગ્નિમાનવ.

### ગાથા–૨૦ થી ૨૭

૨૦. હે વિકસિત યશ અને વિકસિત નયનોવાળી ! સુખપૂર્વક ભવનમાં બેસેલી સુંદરી !
મેં જે આ ૨૦-ઈન્દ્રો કહ્યા, તેમનો ભવન પરિગ્રહ સાંભળ !

૨૧. તે ચમરેન્દ્ર, વૈરોચન, અસુરેન્દ્ર મહાનુભાવોના શ્રેષ્ઠ ભવનોની સંખ્યા ૬૪ લાખ છે.

૨૨. તે ભૂતાનંદ અને ધરણ નામના બંને નાગકુમાર ઈન્દ્રોના શ્રેષ્ઠ ભવનોની સંખ્યા ૮૪-લાખ છે.

૨૩. હે સુંદરી ! વેણુદેવ અને વેણુદાલી એ બંને સુવર્ણ ઈન્દ્રોના ભવનોની સંખ્યા ૭૨-લાખની છે.

૨૪. આ રીતે અસુરેન્દ્રાદિના ભવનોની સંખ્યા આ પ્રમાણે –
૧) અસુરકુમારેન્દ્રની ભવનસંખ્યા-૬૪ લાખ,
૨) નાગકુમારેન્દ્રની ભવનસંખ્યા-૮૪ લાખ,
૩) સુવર્ણકુમારેન્દ્રની ભવનસંખ્યા-૭૨ લાખ,
૪) વાયુકુમારેન્દ્રની ભવનસંખ્યા-૯૬ લાખ,

૨૬). ૫. દ્વીપકુમાર, ૬. દિશાકુમાર, ૭. ઉદધિકુમાર, ૮. વિદ્યુત્કુમાર, ૯. સ્તનિતકુમાર, ૧૦. અગ્નિકુમાર આ છ એ યુગલોની ભવનસંખ્યા પ્રત્યેકની ૭૬ લાખ - ૭૬ લાખ છે.

૨૭. હે લીલાસ્થિત સુંદરી ! હવે આ ઈન્દ્રોની સ્થિતિ અર્થાત્ આયુષ્ય વિશેષને ક્રમથી સાંભળ –

### ગાથા–૨૮ થી ૩૦

૨૮) ૧. ચમરેન્દ્રની ઉત્કૃષ્ટ આયુ સ્થિત એક સાગરોપમ.
૨. બલિ અને ૩. વૈરોચન ઈન્દ્રની પણ એ જ છે.

૨૯) ૪. ચમરેન્દ્ર સિવાયના બાકીના દક્ષિણે દિશાના ઈન્દ્રોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ દોઢ પલ્યોપમ છે.
૫. બલિ સિવાયના બાકીના ઉત્તર દિશાના ઈન્દ્રો છે, તેની આયુસ્થિતિ કંઈક ન્યૂન બે પલ્યોપમ છે.

### ગાથા–૩૧ થી ૩૮

આ બધું આયુ-સ્થિતિનું વિવરણ છે.

હવે હે સુંદરી ! તું ઉત્તમ ભવનવાસી દેવોનું સુંદર નગરોનું, માહાત્મ્ય છે તે સાંભળ –

સંપૂર્ણ રત્નપ્રભા પૃથ્વીમાં ૧૧,૦૦૦ યોજન છે.

તેમાં ૧૦૦૦ યોજન જતા ભવનપતિના નગર છે.

આ (નગર) ભવન બધા અંદરથી ચતુષ્કોણ અને બહારથી ગોળાકાર છે.

તે સ્વાભાવિક રીતે અત્યંત સુંદર, રમણીય, નિર્મળ અને વજરત્નના બનેલા છે.

ભવન નગરોના પ્રાકાર સોનાના બનેલા છે.

શ્રેષ્ઠ કમળની પાંખડી ઉપર રહેલા આ ભવનો વિવિધ મણિઓથી શોભિત અને સ્વભાવથી મનોહારી છે.

લાંબા સમય સુધી ન મુરઝાનારી પુષ્પમાળા અને ચંદનથી બનાવેલા દરવાજાથી યુક્ત છે.

તે નગરોના ઉપરના ભાગ પતાકાથી શોભે છે તેથી તે શ્રેષ્ઠ નગર રમણીય છે.

તે શ્રેષ્ઠ દ્વાર આઠ યોજન ઊંચા છે અને તેની ઉપરનો ભાગ લાલ કળશોથી સજાવેલ છે, ઉપર સોનાના ઘંટ બાંધ્યા છે.

આ ભવનોમાં ભવનપતિ દેવ શ્રેષ્ઠ તરુણીના ગીત અને વાદ્યોના અવાજને કારણે નિત્ય સુખયુક્ત અને પ્રમુદિત રહી પસાર થતા સમયને જાણતા નથી.

### ગાથા–૩૯ થી ૪૨

**૩૯.** ૧) ચમરેન્દ્ર, ૨) ધરણેન્દ્ર, ૩) વેણુદેવ, ૪) પૂર્ણ, ૫) જલકાંત, ૬) અમિતગતિ, ૭) વેલંબ, ૮) ઘોષ, ૯) હરિ અને ૧૦) અગ્નિશિખ.

**૪૦.** આ ભવનપતિ ઈન્દ્રોના મણિરત્નોથી જડિત, સ્વર્ણસ્તંભ અને રમણીય લતામંડપ યુક્ત ભવન દક્ષિણ દિશામાં હોય છે. ઉત્તર દિશા અને તેની આસપાસ બાકીના ઈન્દ્રોના ભવનો હોય છે.

**૪૧.** દક્ષિણ દિશા તરફ (૧) અસુરકુમારના ૩૪ લાખ, (૨) નાગકુમારના ૪૪-લાખ, (૩) સુવર્ણકુમારના ૪૮-લાખ, (૪ થી ૯) દ્વીપ, ઉદધિ, વિદ્યુત, સ્તનિત અને અગ્નિકુમારના પ્રત્યેકના ચાલીશ-ચાલીશ લાખ અને (૧૦) વાયુકુમારના ૫૦-લાખ ભવનો હોય છે.

**૪૨.** ઉત્તરદિશા તરફ (૧) અસુરકુમારના ૩૦ લાખ, (૨) નાગકુમારના ૪૦-લાખ, (૩) સુવર્ણકુમારના ૩૪-લાખ, (૪) વાયુકુમારના ૪૬-લાખ, (૫ થી ૯) દ્વીપ, ઉદધિ, વિદ્યુત, સ્તનિત અને અગ્નિકુમાર એ પાંચેના પ્રત્યેકના છત્રીશ-છત્રીશ લાખ ભવનો છે.

### ગાથા–૪૩ થી ૪૫

બધા વૈમાનિક અને ભવનપતિ ઈન્દ્રોની ત્રણ પર્ષદા હોય.

એ બધાના ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, સામાનિક અને ચાર ગણા આત્મરક્ષક દેવો હોય છે.

દક્ષિણ દિશાના ભવનપતિના-૬૪,૦૦૦.

ઉત્તર દિશાના ભવનપતિના-૬૦,૦૦૦.

વાણ વ્યંતરોના ૬૦૦૦.

જ્યોતિષ્કેન્દ્રોના ૪૦૦૦ સામાનિક દેવો હોય છે.

એ જ પ્રમાણે ચમરેન્દ્ર અને બલિન્દ્રની પાંચ અગ્રમહિષી અને બાકીના ભવનપતિની છ અગ્રમહિષીઓ હોય છે.

### ગાથા–૪૬ થી ૫૦

એ રીતે જંબૂદ્વીપમાં બે, માનુષોત્તર પર્વતમાં ચાર, અરુણ સમુદ્રમાં છ અને અરુણ દ્વીપમાં આઠ, ભવનપતિ આવાસ છે.

જે નામના સમુદ્ર કે દ્વીપમાં તેમની ઉત્પત્તિ થાય છે.

અસુર, નાગ અને ઉદધિકુમારોના આવાસ અરુણવર સમુદ્રમાં હોય છે, તેમાં જ તેની ઉત્પત્તિ થાય છે.

દ્વીપ, દિશા, અગ્નિ અને સ્તનિતકુમારોના આવાસો અરુણવરદ્વીપમાં હોય છે, તેમાં જ તેમની ઉત્પત્તિ થાય.

વાયુકુમાર અને સુવર્ણકુમાર ઈન્દ્રોના આવાસ માનુષોત્તર પર્વત ઉપર હોય છે.

હરિ અને હરિસ્સહ દેવોના આવાસ વિદ્યુત્પ્રભ અને માલ્યવંત પર્વતો ઉપર હોય છે.

### ગાથા૫૧ થી ૬૫

હે સુંદરી ! આ ભવનપતિ દેવોમાં જેનું બળવીર્ય પરાક્રમ છે, તેનું યથાક્રમથી, આનુપૂર્વી પૂર્વક વર્ણન કરું છું.

અસુર અને અસુરકન્યા દ્વારા જે સ્વામિત્વનો વિષય છે, તેનું ક્ષેત્ર જંબૂદ્વીપ અને ચમરેન્દ્રની ચમરચંચા રાજધાની સુધી છે, આ જ સ્વામિત્વ બલિ અને વૈરોચનનું પણ છે.

ધરણ અને નાગરાજ જંબૂદ્વીપને ફેણથી આચ્છાદિત કરી શકે છે. તેમજ ભૂતાનંદ માટે જાણવુ.

ગરુડેન્દ્ર અને વેણુદેવ પાંખ દ્વારા જંબૂદ્વીપને આચ્છાદિત કરી શકે છે, તેવું જ વેણુદાલીનું જાણવુ.

જલકાંત અને જલપ્રભ એક જ જલતરંગ દ્વારા જંબૂદ્વીપને ભરી દઈ શકે છે.

અમિગતતિ અને અમિતવાહન પોતાના એક પગની એડીથી સંપૂર્ણ જંબૂદ્વીપને કંપાવી શકે છે.

વેલંબ અને પ્રભંજન એક વાયુના ગુંજન દ્વારા આખા જંબૂદ્વીપને ભરી શકે છે.

હે સુંદરી! ઘોષ અને મહાઘોષ એક મેઘગર્જના શબ્દથી જંબૂદ્વીપને બહેરો કરી શકે છે.

હરિ અને હરિસ્સહ એક વિદ્યુત થકી આખા જંબૂદ્વીપને પ્રકાશિત કરી શકે છે.

અગ્નિશીખ અને અગ્નિમાનવ એક અગ્નિ જવાળાથી આખા જંબૂદ્વીપને બાળી શકે છે.

હે સુંદરી ! તીર્છાલોકમાં અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર છે. આમાંનો કોઈપણ એક ઈન્દ્ર પોતાના રૂપો દ્વારા આ દ્વીપ અને સમુદ્રને અવગાહી શકે છે.

કોઈપણ સમર્થ ઈન્દ્ર જંબૂદ્વીપને ડાબા હાથે છત્રની જેમ ધારણ કરી શકે છે.

મેરુ પર્વતને પરિશ્રમ વિના ગ્રહણ કરી શકે છે.

કોઈ એક શક્તિશાળી ઈન્દ્ર જંબૂદ્વીપને છત્ર અને મેરુ પર્વતને દંડ બનાવી શકે છે.

આ એ બધાં ઈન્દ્રોનું બળ વિશેષ છે.

### ગાથા૬૬ થી ૬૮

સંક્ષેપથી આ ભવનપતિઓના ભવનની સ્થિતિ કહી.

હવે વ્યંતરના ભવનોની સ્થિતિ સાંભળો. પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ એ વાણવ્યંતર દેવોના આઠ પ્રકારો છે. આ વાણવ્યંતર દેવોને સંક્ષેપથી મેં કહ્યા.

હવે એક એક કરીને સોળ ઈન્દ્રો અને તેની ઋદ્ધિ કહીશ.

### ગાથા–૬૯ થી ૭૨

કાળ, મહાકાળ, સુરૂપ, પ્રતિરૂપ, પૂર્ણભદ્ર, માણિભદ્ર, ભીમ, મહાભીમ, તથા કિંનર, કિંપુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, અનિકાય, મહાકાય, ગીતરતિ અને ગીતયશ.

આ સોળ વાણ વ્યંતરેન્દ્રો છે.

વાણવ્યંતરોના ભેદમાં સંનિહિત, સમાન, ધાતા, વિધાતા, ઋષિ, ઋષિપાલ, ઈશ્વર, મહેશ્વર, સુવત્સ, વિશાલ, હાસ, હાસરતિ, શ્વેત, મહાશ્વેત, પતંગ, પતંગપતિ.

આ અંતર્ભૂત બીજા ૧૬ વાણવ્યંતરેન્દ્ર જાણવા.

ગાથા–૭૩ થી ૮૦

વ્યંતર દેવ ઉર્ધ્વ, અધો, તીર્છા લોકમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં નિવાસ કરે છે.

તેના ભવનો રત્નપ્રભા પૃથ્વીના ઉપરના ભાગમાં હોય છે. એકૈક યુગલમાં નિયમા અસંખ્યાતા શ્રેષ્ઠભવન છે.

તે વિસ્તારથી સંખ્યાત યોજનવાળા છે. જેના વિવિધ ભેદ આ પ્રમાણે છે –

તે ઉત્કૃષ્ટથી જંબૂદ્વીપ સમાન, જઘન્યથી ભરતક્ષેત્ર સમાન અને મધ્યમથી વિદેહક્ષેત્ર સમાન હોય છે.

જેમાં વ્યંતર દેવો શ્રેષ્ઠ તરૂણીના ગીત અને સંગીતના અવાજને કારણે નિત્ય સુખયુક્ત અને આનંદિત રહેતા પસાર થતા સમયને જાણતા નથી.

મણિ-સુવર્ણ અને રત્નોના સ્તૂપ અને સોનાની વેદિકાથી યુક્ત એવા તેમના ભવન દક્ષિણ દિશા તરફ હોય છે અને બાકીના ઉત્તર દિશા પાસે હોય છે.

આ વ્યંતર દેવોનું જઘન્ય આયુ ૧૦,૦૦૦ વર્ષ છે અને ઉત્કૃષ્ટ આયુ એક પલ્યોપમ છે.

આ રીતે વ્યંતર દેવોના ભવન અને સ્થિતિ સંક્ષેપથી કહી છે,

હવે શ્રેષ્ઠ જ્યોતિષ્ક દેવોના આવાસનું વિવરણ સાંભળ.

ગાથા–૮૧ થી ૮૬

ચંદ્ર, સૂર્ય, તારાગણ, નક્ષત્ર અને ગ્રહગણ સમૂહ એ પાંચ પ્રકારના જ્યોતિષ્ક દેવો કહ્યા છે.

હવે તેમની સ્થિતિ અને ગતિ કહીશ.

તીર્છાલોકમાં જ્યોતિષીના અર્ધકપિત્થ ફળના આકારવાળા સ્ફટિક રત્નમય રમણીય અસંખ્યાત વિમાન છે.

રત્નપ્રભા પૃથ્વીના સમભૂતળા ભાગથી ૭૯૦ યોજન ઊંચાઈએ તેમનું નિમ્નતળ છે.

સમભૂતલા પૃથ્વીની ૮૦૦ યોજને સૂર્ય છે.

એ જ રીતે ૮૮૦ યોજન ઊંચે ચંદ્ર સ્થિત છે.

એ પ્રમાણે જ્યોતિષ્ક દેવ વિસ્તાર ૧૧૦ યોજન છે.

એક યોજનમાં ૬૧ ભાગ કરીએ, તો તે ૬૧ ભાગમાં ૫૬ ભાગ જેટલું ચંદ્ર પરિમંડલ હોય છે.

સૂર્યનો આયામ-વિષ્કંભ ૪૮ ભાગ જેટલો હોય છે.

જેમાં જ્યોતિષ્ક દેવ શ્રેષ્ઠ તરુણીના ગીત અને વાદ્યોના અવાજના કારણે નિત્ય સુખ અને પ્રમોદથી પસાર થતા તે દેવો કાળને જાણતા નથી.

ગાથા–૮૭ થી ૯૧

એક યોજનના ૬૧-ભાગમાંથી ૫૬ ભાગ વિસ્તારવાળું ચંદ્રમંડલ હોય છે અને ૨૮ ભાગ જેટલી પહોળાઈ હોય.

૪૮ ભાગ જેટલા વિસ્તારવાળુ સૂર્યમંડલ અને ૨૪ ભાગ જેટલી પહોળાઈ હોય છે.

ગ્રહો અર્ધયોજન વિસ્તારમાં તેનાથી અર્ધ વિસ્તારમાં નક્ષત્ર સમૂહ અને તેનાથી અર્ધ વિસ્તારમાં તારા સમૂહ હોય છે. તેમાં અર્ધ વિસ્તાર પ્રમાણ તેની પહોળાઈ છે.

એક યોજનનું અડધું બે ગાઉ થાય છે. તેમાં ૫૦૦ ધનુષ હોય છે.

આ ગ્રહ-નક્ષત્રસમૂહ અને તારા વિમાનોનો વિસ્તાર છે, જેનો જે આયામ વિષ્કંભ છે, તેનાથી અડધી પહોળાઈ તેની છે. તેનાથી ત્રણ ગણી પરિધિ છે, એમ જાણ.

ગાથા–૯૨, ૯૩

ચંદ્ર-સૂર્ય વિમાનોનું વહન ૧૬,૦૦૦ દેવ કરે છે.

ગ્રહ વિમાનોનું વહન ૮૦૦૦ દેવ કરે છે.

નક્ષત્ર વિમાનોનું વહન ૪૦૦૦ દેવ કરે છે.

તારા વિમાનોનું વહન ૨૦૦૦ દેવ કરે છે.

તે દેવો પૂર્વમાં સિંહ, દક્ષિણમાં હાથી, પશ્ચિમમાં બળદ અને ઉત્તરમાં ઘોડા રૂપે વહન કરે છે.

ગાથા૯૪ થી ૯૬

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એક-એકથી તેજ ગતિએ ચાલે છે, ગતિ કરે છે.

ચંદ્રની ગતિ સૌથી ઓછી છે.

તારાની ગતિ સૌથી તેજ છે.

એ પ્રમાણે જ્યોતિષ્ક દેવની ગતિ વિશેષ જાણવી.

ઋદ્ધિમાં તારા, નક્ષત્ર, ગ્રહ, સૂર્ય, ચંદ્ર એ એક-એક કરતા વધુ ઋદ્ધિવાન જાણવા.

ગાથા૯૭ થી ૧૦૦

બધામાં અભ્યંતર નક્ષત્ર અભિજિત છે.

સૌથી બાહ્ય નક્ષત્ર મૂળ છે.

સૌથી ઉપર સ્વાતિ નક્ષત્ર છે અને નીચે ભરણી નક્ષત્ર છે.

નિશ્ચયથી ચંદ્ર અને સૂર્યની વચ્ચે બધાં ગ્રહ-નક્ષત્ર હોય છે. ચંદ્ર અને સૂર્યની બરાબર નીચે અને બરાબર ઉપર તારા (નામે જ્યોતિષ્ક વિમાન) હોય છે.

તારાઓનું પરસ્પર જઘન્ય અંતર ૫૦૦ ધનુષ અને ઉત્કૃષ્ટ અંતર ૪૦૦૦ ધનુષ (બે ગાઉ) હોય છે.

વ્યવધાનની અપેક્ષાથી તારાઓનું અંતર જઘન્ય ૨૬૬ યોજન અને ઉત્કૃષ્ટ ૧૨,૨૪૨ યોજન છે.

ગાથા૧૦૧ થી ૧૦૪

આ ચંદ્રયોગની ૬૭ ખંડિત અહોરાત્રિ, નવ મુહૂર્ત્ત અને ૨૭-કળા હોય છે.

શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા આ છ નક્ષત્રો ૧૫-મુહૂર્ત્ત સંયોગવાળા છે.

ત્રણે ઉત્તરા નક્ષત્ર, પુનર્વસુ, રોહિણી, વિશાખા આ છ નક્ષત્રો ચંદ્રમા સાથે ૪૫-મુહૂર્ત્તનો સંયોગ કરે છે.

બાકી પંદર નક્ષત્રો ચંદ્રમા સાથે ૩૦ મુહૂર્ત્તનો સંયોગ કરે છે. આ રીતે ચંદ્રમા સાથે નક્ષત્રયોગ જાણવો.

ગાથા૧૦૫ થી ૧૦૮

અભિજિત નક્ષત્ર સૂર્ય સાથે ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત્ત એક સાથે ગમન કરે છે.

એ જ પ્રકારે બાકીના સંબંધે કહું છું –

શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા આ છ નક્ષત્ર અહોરાત્ર અને ૨૧-મુહૂર્ત્ત સૂર્ય સાથે રહે.

ત્રણ ઉત્તરા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા એ છ નક્ષત્રો ૨૦ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત્ત સુધી સૂર્ય સાથે રહે.

બાકીના ૧૫ નક્ષત્રો ૧૩ અહોરાત્ર અને ૧૨-મુહૂર્ત્ત પર્યન્ત સૂર્ય સાથે ભ્રમણ કરે છે.

ગાથા–૧૦૯ થી ૧૨૬

બે ચંદ્ર, બે સૂર્ય, ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહ, ૧,૩૩,૯૫૦ કોડાકોડી તારાગણ એ બધા જંબૂદ્વીપમાં વિચરે છે.

લવણ સમુદ્રમાં ૪-ચંદ્ર, ૪-સૂર્ય, ૧૧૨ નક્ષત્ર, ૩૫૨ ગ્રહો અને ૨,૬૭,૯૦૦ કોડાકોડી તારાગણ ભ્રમણ કરે છે.

ધાતકીખંડમાં ૧૨-ચંદ્ર, ૧૨-સૂર્ય, ૩૩૬ નક્ષત્ર, ૧૦૫૬ ગ્રહો અને ૮,૦૩,૭૦૦ કોડાકોડી તારાગણ વિચરે છે.

કાલોદધિ સમુદ્રમાં તેજસ્વી કિરણોથી યુક્ત ૪૨-ચંદ્ર, ૪૨-સૂર્ય, ૧૧૭૬ નક્ષત્રો, ૩૬૯૬ ગ્રહો, ૨૮,૧૨,૯૫૦ કોડાકોડી તારાગણ છે.

એ જ રીતે પુષ્કરવરદ્વીપમાં ૧૪૪-ચંદ્ર, ૧૪૪-સૂર્ય, ૪૦૩૨ નક્ષત્રો, ૧૨,૬૩૨ ગ્રહો, ૯૬,૪૪,૪૦૦ કોડાકોડી

તારાગણ વિચરે છે.

અર્ધપુષ્કરવર દ્વીપમાં તેનાથી અડધા અર્થાત્ ૭૨-ચંદ્ર, ૭૨-સૂર્ય આદિ વિચરણ કરે છે.

આ રીતે સમસ્ત મનુષ્ય લોકને ૧૩૨-ચંદ્ર, ૧૩૨-સૂર્યો, ૧૧૬૧૬ મહાગ્રહો, ૩૬૯૬ નક્ષત્રો, ૮૮,૪૦,૭૦૦ કોડાકોડી તારાગણનો સમૂહ પ્રકાશિત કરે છે (તેમ જાણ.)

### ગાથા–૧૨૭ થી ૧૨૯

સંક્ષેપથી મનુષ્યલોકમાં આ નક્ષત્ર સમૂહ કહ્યો.

મનુષ્યલોકની બહાર જિનેન્દ્રો દ્વારા અસંખ્યાત તારા કહેલા છે.

આ રીતે મનુષ્યલોકમાં સૂર્ય આદિ ગ્રહો કહ્યા છે, તે કદંબ વૃક્ષના ફૂલના આકાર સમાન વિચરણ કરે છે.

આ રીતે મનુષ્ય લોકમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર કહ્યા છે, જેના નામ-ગોત્ર સાધારણ બુદ્ધિવાળા મનુષ્યો કહી શકતા નથી.

### ગાથા૧૩૦ થી ૧૩૬

મનુષ્યલોકમાં ચંદ્રો અને સૂર્યોની ૬૬ પિટકો છે.

એક-એક પિટકમાં બબ્બે ચંદ્ર અને સૂર્ય છે.

નક્ષત્ર આદિની ૬૬-પિટકો છે, એક-એક પિટકમાં ૫૬-૫૬ નક્ષત્રો છે. મહાગ્રહો ૧૭૬ છે.

એ જ રીતે મનુષ્યલોકમાં ચંદ્ર-સૂર્યની ચાર-ચાર પંક્તિ છે, એક-એક પંક્તિમાં ૬૬-૬૬ નક્ષત્રો છે.

ગ્રહોની પંક્તિ ૭૬ હોય છે. દરેકમાં ૬૬-૬૬ ગ્રહો હોય છે.

ચંદ્ર, સૂર્ય અને ગ્રહ સમૂહ અનવસ્થિત સંબંધથી તેર મેરુ પર્વતની પરિક્રમા કરતા બધા મેરુ પર્વતની મંડલાકાર પ્રદક્ષિણા કરે છે.

### ગાથા–૧૩૭ થી ૧૪૦

એ જ રીતે નક્ષત્રો અને ગ્રહોના નિત્યમંડળ પણ જાણવા.

તે પણ મેરુ પર્વતની પ્રદક્ષિણા મંડલાકારે કરે છે.

ચંદ્ર અને સૂર્યની ગતિ ઉપર-નીચે હોતી નથી, પણ અંદર-બહાર તીર્છી અને મંડલાકાર હોય છે.

ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર આદિ જ્યોતિષ્કોના પરિભ્રમણ વિશેષ દ્વારા મનુષ્યોના સુખ અને દુઃખની ગતિ હોય છે.

તે જ્યોતિષ્ક દેવ નજીક હોય તો તાપમાન નિયમા વધે છે અને દૂર હોય તો તાપમાન ઘટે છે.

તેમનું તાપક્ષેત્ર કલંબક પુષ્પના સંસ્થાન સમાન હોય છે.

ચંદ્ર અને સૂર્યનું તાપક્ષેત્ર અંદરથી સંકુચિત અને બહારથી વિસ્તૃત હોય છે.

### ગાથા–૧૪૧ થી ૧૪૬

કયા કારણે ચંદ્રમા વધે છે, કયા કારણે ક્ષીણ થાય છે ?

અથવા કયા કારણે ચંદ્રની જ્યોત્સના અને કાલિમા થાય ?

રાહુનું કાળુ વિમાન હંમેશા ચંદ્રમાની સાથે ચાર આંગળ નીચે નિરંતર ગમન કરે છે. શુક્લપક્ષમાં ચંદ્રમા ૬૨-૬૨ ભાગ રાહુથી અનાવૃત્ત થતો રોજ વધે છે.

કૃષ્ણપક્ષમાં તેટલા જ સમયમાં રાહુથી આવૃત્ત થતા ઘટે છે. ચંદ્રમાના પંદર ભાગ ક્રમશઃ રાહુના ૧૫ ભાગોથી અનાવૃત્ત થતા જાય છે અને પછી આવૃત્ત થતા જાય છે.

એ કારણે ચંદ્રમા વૃદ્ધિ અને હાનિને પામે છે.

એ જ કારણે જ્યોત્સના અને કાલિમા આવે છે.

**ગાથા–૧૪૭, ૧૪૮**

મનુષ્યલોકમાં ઉત્પન્ન અને સંચરણ કરવાવાળા –

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર સમૂહ આદિ પાંચ પ્રકારના જ્યોતિષ્ક દેવો હોય છે – (તે તું જાણ)

મનુષ્યલોકની બહાર જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, તારા, નક્ષત્ર છે તેની ગતિ પણ નથી, સંચરણ પણ નથી. તેથી આ સૂર્યાદિ બધાને સ્થિર જ્યોતિષ્ક જાણવા.

**ગાથા–૧૪૯ થી ૧૫૧**

આ ચંદ્ર અને સૂર્ય જંબૂદ્વીપમાં બે-બે છે.

લવણ સમુદ્રમાં ચાર-ચાર હોય છે. ધાતકીખંડમાં બાર-બાર હોય છે.

એટલે કે જંબૂદ્વીપમાં બે ગણા, લવણ સમુદ્રમાં ચારગણા, ધાતકીખંડમાં બારગણા હોય છે.

ધાતકીખંડના આગળના ક્ષેત્રમાં અર્થાત્ દ્વીપ, સમુદ્રમાં સૂર્ય-ચંદ્રની સંખ્યાની તેની પૂર્વેના દ્વીપ-સમુદ્રની સંખ્યા કરતા ત્રણ ગણા કરી તથા તેમાં પૂર્વના ચંદ્ર અને સૂર્યોની સંખ્યા ઉમેરી જાણવા જોઈએ. (જેમ કે કાલોદધિ સમુદ્રમાં ૪૨-૪૨ ચંદ્ર સૂર્ય વિચરે છે. તો આ સંખ્યાનું ગણિત આ પ્રમાણે )

પૂર્વના લવણ સમુદ્રમાં સૂર્ય-ચંદ્ર ૧૨-૧૨ છે.

તેના ત્રણ ગણા કરો એટલે ૩૬-૩૬ સંખ્યા આવે.

તેમાં પૂર્વના ૨ + ૪ ચંદ્ર-સૂર્ય ઊમેરો.

તેથી ૩૬ + ૪ + ૨ = ૪૨ ચંદ્ર, ૪૨ સૂર્ય સંખ્યા થાય. આ પ્રમાણે આગળ-આગળના દ્વીપ આદિમાં ગણવુ.

**ગાથા–૧૫૨**

જો તું દ્વીપ-સમુદ્રમાં નક્ષત્ર, ગ્રહ, તારાની સંખ્યા જાણવા ઈચ્છતી હો તો – (ગણન રીત-)

એક ચંદ્ર પરિવારની સંખ્યાથી ગુણા કરવાથી તે દ્વીપ-સમુદ્રના નક્ષત્ર, ગ્રહ અને તારાની સંખ્યા જાણવી.

**ગાથા–૧૫૩ થી ૧૫૬**

માનુષોત્તર પર્વતની બહાર ચંદ્ર, સૂર્ય અવસ્થિત છે. ત્યાં ચંદ્ર અભિજિત નક્ષત્રના યોગવાળો અને સૂર્ય પુષ્ય નક્ષત્રના યોગવાળો હોય છે. તે તું જાણ.

સૂર્યથી ચંદ્ર અને ચંદ્રથી સૂર્યનું અંતર ૫૦-હજાર યોજન કરતાં ઓછું હોતું નથી.

ચંદ્રનું ચંદ્રથી અને સૂર્યનું સૂર્યથી અંતર ૧-લાખ યોજન.

ચંદ્રથી સૂર્ય અંતરિત છે અને પ્રદીપ્ત સૂર્યથી ચંદ્રમાં અંતરિત છે, તે અનેક વર્ણના કિરણોવાળો છે.

**ગાથા–૧૫૭, ૧૫૮**

એક ચંદ્ર પરિવારના ૮૮ ગ્રહો અને ૨૮ નક્ષત્રો હોય છે. ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ હોય છે.

**ગાથા–૧૫૯ થી ૧૬૧**

સૂર્ય દેવોની આયુ સ્થિતિ ૧૦૦૦ વર્ષ અધિક એક પલ્યોપમ કહી છે, ચંદ્ર દેવની સ્થિતિ એક લાખ વર્ષાધિક એક પલ્યોપમ છે.

ગ્રહોની સ્થિતિ ૧-પલ્યોપમ, નક્ષત્રોની સ્થિતિ અર્ધ પલ્યોપમ, તારાની સ્થિતિ ૧/૪ (પા) પલ્યોપમ છે.

જ્યોતિષ્ક દેવોની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક એક લાખ વર્ષ-પલ્યોપમ કહી છે.

**ગાથા–૧૬૨**

મેં ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક દેવની સ્થિતિ કહી.

હવે મહાન ઋદ્ધિવાળા ૧૨-કલ્પપતિ ઈન્દ્રોનું વિવરણ કહીશ–

ગાથા–૧૬૩ થી ૧૬૮

પહેલા સૌધર્મપતિ, બીજા ઈશાનપતિ, ત્રીજા સનત્કુમાર, ચોથા માહેન્દ્ર, પાંચમાં બ્રહ્મ, છઠ્ઠા લાંતક.

સાતમાં મહાશુક્ર, આઠમાં સહસ્રાર, નવમાં આનત, દશમાં પ્રાણત, અગિયારમાં આરણ, બારમાં અચ્યુત.

આ રીતે બાર કલ્પપતિ ઈન્દ્ર કલ્પોના સ્વામી હોય છે. તે ઈન્દ્રો સિવાય દેવોને આજ્ઞા દેનાર બીજું કોઈ નથી.

આ કલ્પવાસીની ઉપર જે દેવગણ છે, તે સ્વશાસિત ભાવનાથી ઉત્પન્ન થાય છે. કેમ કે ગ્રૈવેયકમાં અન્યરૂપ અર્થાત્ દાસભાવ કે સ્વામીભાવથી ઉત્પત્તિ સંભવ નથી.

જે સમ્યક્ દર્શનથી પતિત પણ શ્રમણ વેશને ધારણ કરે છે, તેમની પણ ઉત્પત્તિ ઉત્કૃષ્ટ રૂપે ગ્રૈવેયક સુધી થઈ શકે છે.

ગાથા–૧૬૯ થી ૧૭૩

અહીં સૌધર્મ કલ્પપતિ શક્ર મહાનુભવના બત્રીશ લાખ વિમાનોનું કથન કરાયેલ છે.

ઈશાનેન્દ્રના ૨૮ લાખ, બ્રહ્મલોકના ૪-લાખ વિમાનો.

લાંતકના ૫૦-હજાર, મહાશુક્રના ૪૦-હજાર વિમાનો.

સહસ્રારના ૬-હજાર, આણત-પ્રાણતના ૪૦૦, આરણ-અચ્યુતના ૩૦૦ વિમાનો કહેલાં છે.

અર્થાત્ ઉક્ત સંખ્યામાં વિમાનોનું અધિપતિપણું તે-તે ઈન્દ્રો (તે–તે કલ્પસ્વામી) ભોગવે છે.

ગાથા–૧૭૪ થી ૧૮૬

આ પ્રકારે હે સુંદરી !

જે કલ્પમાં જેટલા વિમાનો કહ્યા છે, તે કલ્પસ્થિતિ વિશેષને સાંભળ.

શક્ર મહાનુભવની બે સાગરોપમ, ઈશાનેન્દ્રની સાધિક બે સાગરોપમ કલ્પસ્થિતિ કહી છે.

સનત્કુમારેન્દ્રની સાત, માહેન્દ્રની સાધિક સાત સાગરોપમ.

બ્રહ્મલોકેન્દ્રની દશ, લાંતકેન્દ્રની ચૌદ સાગરોપમ.

મહાશુક્રેન્દ્રની સત્તર, સહસ્રારેન્દ્રની અઢાર સાગરોપમ.

આનત કલ્પમાં-૧૯, પ્રાણત કલ્પમાં-૨૦ સાગરોપમ.

આરણ કલ્પમાં-૨૧, અચ્યુત કલ્પમાં-૨૨ સાગરોપમ. એ પ્રમાણે આયુ સ્થિતિ જાણવી. હવે અનુત્તર અને ગ્રૈવેયક વિમાનોના વિભાગ સાંભળો.

અધો, મધ્ય અને ઉર્ધ્વ એ ત્રણે ગ્રૈવેયક છે. તે પ્રત્યેકના ત્રણ-ત્રણ પ્રકારો છે, એ રીતે નવ ગ્રૈવેયક છે – સુદર્શન, અમોઘ, સુપ્રબુદ્ધ, યશોધર, વત્સ, સુવત્સ, સુમનસ, સોમનસ અને પ્રિયદર્શન. અધો ગ્રૈવેયકમાં-૧૧૧, મધ્યમ ગ્રૈવેયકમાં-૧૦૭ અને ઉર્ધ્વ ગ્રૈવેયકમાં-૧૦૦ (એમ કુલ-૩૧૮ વિમાનો છે.)

અનુત્તરોપપાતિકમાં પાંચ વિમાન કહ્યા છે.

હે નમિતાંગિ! સૌથી નીચે વાળા ગ્રૈવેયકોના દેવોનું આયુ ૨૩-સાગરોપમ છે. બાકીના ઉપરના આઠમાં ક્રમશઃ એક-એક સાગરોપમની આયુ-સ્થિતિ વધતી જાય છે.

વિજય, વૈજયંત, જયંત, અપરાજિત એ ચારે વિમાન ક્રમશઃ પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ-ઉત્તરમાં છે. મધ્યમાં સર્વાર્થ સિદ્ધ નામે પાંચમું વિમાન છે.

આ બધાં વિમાનોની સ્થિતિ ૩૩-સાગરોપમ ઉત્કૃષ્ટ કહી છે, પણ સર્વાર્થસિદ્ધમાં અજઘન્યોત્કૃષ્ટ ૩૩-સાગરોપમ કહી છે.

**ગાથા–૧૮૭, ૧૮૮**

નીચે-ઉપરના બબ્બે કલ્પયુગલ અર્થાત્ આ આઠ વિમાન અર્ધ ચંદ્રાકાર છે, મધ્યના ચાર પૂર્ણ ચંદ્રાકાર છે. ગ્રૈવેયક દેવોના વિમાનો ત્રણ-ત્રણ પંક્તિમાં છે, અનુત્તર વિમાન પુષ્પાકારે હોય છે.

**ગાથા–૧૮૯, ૧૯૦**

સૌધર્મ અને ઈશાન એ બે કલ્પોમાં દેવ-વિમાન ઘનોદધિ ઉપર પ્રતિષ્ઠિત છે.

સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મ એ ત્રણ કલ્પોમાં દેવ વિમાનો ઘનવાત ઉપર પ્રતિષ્ઠિત છે.

લાંતક, મહાશુક્ર અને સહસ્રાર એ ત્રણે કલ્પોમાં દેવવિમાનો ઘનોદધિ અને ઘનવાત બંને ઉપર પ્રતિષ્ઠિત છે.

તેનાથી ઉપરના બધા વિમાનો આકાશાંતર પ્રતિષ્ઠિત છે. આ રીતે ઉર્ધ્વલોકના વિમાનોની આધારવિધિ કહી.

**ગાથા–૧૯૧ થી ૧૯૩**

ભવનપતિ અને વ્યંતર દેવોમાં કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા (એ ચાર લેશ્યા) હોય છે.

જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાનમાં તેજોલેશ્યા હોય છે.

સાનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોકમાં પદ્મલેશ્યા હોય છે.

તેમની ઉપરના દેવલોકોમાં શુક્લલેશ્યા હોય છે.

સૌધર્મ અને ઈશાન બે કલ્પોવાળા દેવોનો વર્ણ તપેલા સોના જેવો, સાનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોકના દેવોનો વર્ણ પદ્મ જેવો શ્વેત અને તેની ઉપરના દેવોનો વર્ણ શુક્લ હોય છે.

**ગાથા–૧૯૪ થી ૧૯૮**

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક એ ત્રણે પ્રકારના દેવોની ઊંચાઈ સાત હાથ પ્રમાણ છે.

હે સુંદરી ! હવે ઉપરના કલ્પપતિ દેવોની ઊંચાઈ તું સંભાળ –

સૌધર્મ અને ઈશાનની સાત હાથ પ્રમાણ છે.

તેની ઉપર બબ્બે કલ્પ સમાન હોય છે, અને એક-એક હાથ પ્રમાણ માપ ઘટતું જાય છે.

ગ્રૈવેયકોની ઊંચાઈ બે હાથ પ્રમાણ હોય છે.

અનુત્તર વિમાનવાસીની એક હાથ પ્રમાણ હોય છે.

એક કલ્પથી બીજા કલ્પના દેવોની સ્થિતિ સાગરોપમથી અધિક હોય છે, અને ઊંચાઈ તેનાથી ૧૧ ભાગ ઓછી હોય છે.

વિમાનોની ઊંચાઈ અને પૃથ્વીની જાડાઈ, તે બંનેનું પ્રમાણ ૩૨૦૦ યોજન હોય છે.

**ગાથા–૧૯૯ થી ૨૦૨**

ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષ્ક દેવોની કામક્રીડા શારીરિક હોય છે.

હે સુંદરી ! હવે તું કલ્પપતિઓની કામક્રીડા સાંભળ –

સૌધર્મ અને ઈશાન કલ્પમાં જે દેવો છે, તેમની કામક્રીડા શારીરિક હોય છે,

જ્યારે સનત્કુમાર દેવો અને માહેન્દ્ર દેવો એ બંને માત્ર સ્પર્શ દ્વારા કામક્રીડાને અનુભવે છે.

બ્રહ્મ અને લાંતકના દેવોની કામક્રીડા ચક્ષુ દ્વારા છે.

મહાશુક્ર, સહસ્રાર દેવોની કામક્રીડા શ્રોત્ર દ્વારા છે.

આનતાદિ ચારે કલ્પના દેવોની કામક્રીડા મનથી છે. તેની ઉપરના દેવોમાં કામક્રીડા હોતી નથી.

**ગાથા–૨૦૩, ૨૦૪**

ગોશીર્ષ, અગરુ, કેતકીના પાન, પુન્નાગના ફૂલ, બકુલની ગંધ, ચંપક અને કમલની ગંધ અને તગરાદિની સુગંધ

દેવોમાં હોય.

આ ગંધવિધિ સંક્ષેપથી ઉપમા દ્વારા કહી.

દેવતાઓ દૃષ્ટિથી સ્થિર અને સ્પર્શથી સુકુમાર હોય છે.

### ગાથા–૨૦૫ થી ૨૦૮

ઉર્ધ્વલોકમાં વિમાન સંખ્યા - ૮૪,૯૭,૦૨૩ –

તેમાં પુષ્પાકૃતિવાળા ૮૪,૮૯,૧૫૪ છે.

તેમાં શ્રેણિબદ્ધ વિમાનો ૭૮૭૪ છે.

તે સિવાયના વિમાનો પુષ્પકર્ણિકાકાર હોય છે.

વિમાનોની પંક્તિનું અંતર નિશ્ચયથી અસંખ્યાત યોજન અને પુષ્પકર્ણિકાકાર વિમાનોનું અંતર સંખ્યાત યોજન છે.

### ગાથા–૨૦૯ થી ૨૧૩

આવલિકા પ્રવિષ્ટ વિમાન ગોળાકાર, ત્રિકોણ અને ચતુષ્કોણ હોય છે,

જ્યારે પુષ્પકર્ણિકાની સંરચના અનેકાકારે હોય છે.

વર્તુળાકાર વિમાન કંકણાકૃતિ જેવા, ત્રિકોણ વિમાન શીંગોડા જેવા, ચતુષ્કોણ વિમાન પાસા જેવા હોય છે.

એક અંતર, પછી ચતુષ્કોણ, પછી વર્તુળ, પછી ત્રિકોણ એ રીતે વિમાનો રહેલા હોય છે.

વિમાનોની પંક્તિ વર્તુળાકાર ઉપર વર્તુળાકાર, ત્રિકોણ ઉપર ત્રિકોણ, ચતુષ્કોણ ઉપર ચતુષ્કોણ હોય છે.

બધા વિમાનોનું આલંબન દોરડાની જેમ ઉપરથી નીચે અને એક છેડાથી બીજા છેડા સુધી સમાન હોય છે.

### ગાથા–૨૧૪ થી ૨૧૬

બધા વર્તુળાકાર વિમાન પ્રાકારથી ઘેરાયેલા અને

ચતુષ્કોણ વિમાનો ચારે દિશામાં વેદિકાયુક્ત કહ્યા છે.

જ્યાં વર્તુળાકાર વિમાન હોય, ત્યાં જ ત્રિકોણ વિમાનોની વેદિકા હોય છે, બાકીનાને પાર્શ્વભાગે પ્રાકાર હોય છે

બધા વર્તુળાકાર વિમાન એક દ્વારવાળા હોય છે.

ત્રિકોણ વિમાન ત્રણ અને ચતુષ્કોણ વિમાન ચાર દ્વારવાળા હોય છે.

*** આ વર્ણન કલ્પપતિના વિમાનનું જાણવું.

### ગાથા–૨૧૭, ૨૧૮

o ભવનપતિ દેવોના ૭ કરોડ, ૭૨ લાખ ભવનો હોય છે – આ ભવનોનું સંક્ષિપ્ત કથન કહેલ છે.

o તીર્છા લોકમાં ઉત્પન્ન થનારા વાણવ્યંતર દેવોના અસંખ્યાત ભવનો હોય છે.

o તેનાથી સંખ્યાતગણા જ્યોતિષ્ક દેવોના વિમાન હોય છે.

### ગાથા–૨૧૯

o વિમાનવાસી દેવો અલ્પ છે.

o તેના કરતા વ્યંતરદેવો અસંખ્યાતગણા છે.

o તેનાથી સંખ્યાતગણા અધિક જ્યોતિષ્ક દેવો છે.

### ગાથા–૨૨૦

સૌધર્મ દેવલોકમાં દેવીઓના અલગ વિમાનોની સંખ્યા છ લાખ કહેવાયેલી છે. તેમ જાણ. આ સંખ્યા ઈશાન કલ્પમાં ચાર લાખ હોય છે.

**ગાથા–૨૨૧ થી ૨૨૪**

પાંચ પ્રકારના અનુત્તર દેવો ગતિ, જાતિ અને દૃષ્ટિ અપેક્ષા થકી શ્રેષ્ઠ છે, અનુપમ વિષયસુખ વાળા છે.

જે રીતે શ્રેષ્ઠ ગંધ, રૂપ અને શબ્દ હોય છે, તે રીતે સચિત્ત પુદ્‌ગલોના પણ સર્વશ્રેષ્ઠ રસ, સ્પર્શ અને ગંધ આ દેવોને હોય છે. તેમ તું જાણ.

જેમ ભ્રમર વિકસિત કળી, વિકસિત કમલ રજ અને શ્રેષ્ઠ કુસુમની મકરંદનું સુખપૂર્વક પાલન કરે છે. તે રીતે આ દેવો પૌદ્‌ગલિક વિષયોને સેવે છે.

હે સુંદરી ! આ દેવો શ્રેષ્ઠ કમળ જેવા શ્વેત વર્ણવાળા, એક જ ઉત્પત્તિ સ્થાનમાં નિવાસ કરનારા અને તે ઉત્પત્તિ સ્થાનથી વિમુક્ત થઈને સુખનો અનુભવ કરે છે –

**ગાથા–૨૨૫ થી ૨૩૨**

હે સુંદરી ! અનુત્તર વિમાનવાસી દેવોને ૩૩,૦૦૦ વર્ષ પૂરા થાય ત્યારે આહારની ઇચ્છા થાય છે.

મધ્યવર્તી આયુ ધારણ કરનારા દેવને ૧૬,૫૦૦ વર્ષ પૂરા થાય ત્યારે આહાર ગ્રહણેચ્છા થાય છે.

જે દેવ ૧૦ હજાર વર્ષના આયુને ધારણ કરે છે, તેનો આહાર એક-એક દિવસના અંતરે હોય છે.

હે સુંદરી ! ૧ વર્ષ અને સાડાચાર મહિને અનુત્તરવાસી દેવોને શ્વાસોચ્છ્‌વાસ હોય છે.

હે સુતનુ ! મધ્યમ આયુને ધારણ કરવાવાળા દેવોને આઠ માસ, સાડા સાત દિવસે શ્વાસોચ્છ્‌વાસ હોય છે.

જઘન્ય આયુ ધારણ કરવાવાળા દેવતાને શ્વાસોચ્છ્‌વાસ સાત સ્તોક પૂર્ણ થતા હોય છે.

દેવોને જેટલા સાગરોપમની જેની સ્થિતિ, તેટલા પખવાડિયે તેમને શ્વાસોચ્છ્‌વાસ હોય છે અને એટલા જ હજાર વર્ષે તે દેવોને આહારની ઇચ્છા થાય છે.

આ રીતે આહાર અને શ્વાસોચ્છ્‌વાસ મેં વર્ણવ્યો.

હે સુંદરી ! હવે જલદી તેના સૂક્ષ્મ અંતરને હું ક્રમશઃ કહીશ.

**ગાથા–૨૩૩ થી ૨૪૦**

હે સુંદરી ! આ દેવોનો જે વિષય જેટલી અવધિનો હોય છે તેનું હું આનુપૂર્વી ક્રમથી વર્ણન કરીશ.

સૌધર્મ અને ઈશાન દેવ નીચે એક નરક સુધી, સનત્કુમાર અને માહેન્દ્ર બીજી નરક સુધી જુએ છે.

બ્રહ્મ અને લાંતક ત્રીજી નારક સુધી, શુક્ર અને સહસ્રાર ચોથી નારક સુધી, આનત-પ્રાણત તથા આરણ-અચ્યુત દેવો પાંચમી નરક સુધી પોતાના અવધિજ્ઞાનથી જુએ છે.

મધ્યવર્તી ગ્રૈવેયક દેવો છઠ્ઠી નરક સુધી, ઉપરના ગ્રૈવેયકના દેવો સાતમી નરક સુધી અવધિ વડે જુએ છે.

પાંચ અનુત્તરવાસી સંપૂર્ણ લોકનાડીને જુએ છે.

અડધા સાગરોપમથી ઓછા આયુષ્યવાળા દેવો અવધિજ્ઞાનથી તીર્છુ સંખ્યાત યોજન જુએ છે.

તેનાથી અધિક ૨૫-સાગરોપમવાળાને અવધિ વિષય પણ જઘન્યથી સંખ્યાત યોજન હોય છે.

તેનાથી વધારે આયુવાળા દેવો તીર્છુ અસંખ્યાત દ્વીપસમુદ્ર સુધી અવધિથી જાણે છે.

ઉપર બધા દેવો પોતાના કલ્પની ઊંચાઈ સુધી જાણે.

અબાહ્ય અર્થાત્ જન્મથી અવધિજ્ઞાનવાળા નારકી, દેવ, તીર્થંકર પૂર્ણપણે જુએ છે, બાકીના દેશથી જુએ છે.

મેં સંક્ષેપથી આ અવધિજ્ઞાન વિષયક વર્ણન કર્યું.

હવે વિમાનોના રંગ, જાડાઈ, ઊંચાઈ કહીશ.

**ગાથા–૨૪૧ થી ૨૪૬**

સૌધર્મ અને ઈશાન કલ્પમાં પૃથ્વીની જાડાઈ ૨૭૦૦ યોજન છે અને તે રત્નથી ચિત્રિત જેવી છે.

સુંદર મણિની વેદિકાથી યુક્ત, વૈડૂર્યમણિના સ્તૂપોથી યુક્ત, રત્નમય માળા અને અલંકારોથી યુક્ત એવા ઘણા પ્રાસાદ આ વિમાનમાં હોય છે. જેમાં દેવતા વસે છે.

તેમાં જે કૃષ્ણ વિમાન છે, તે સ્વભાવથી અંજન ધાતુસમ તથા મેઘ અને કાકસમાન વર્ણવાળા છે.

જે લીલા રંગના વિમાન છે, તે સ્વભાવથી મેદક ધાતુ સમાન અને મોરની ગરદન જેવા વર્ણવાળા છે.

જે દીપશિખાના રંગવાળા વિમાન છે, તે જાસૂદ પુષ્પ, સૂર્ય જેવા અને હિંગુલ ધાતુ સમાન વર્ણવાળા છે.

જે કોરંટકધાતુ સમાન રંગવાળા વિમાન છે, તે ખીલેલાફૂલની કર્ણિકા સમાન અને હળદર જેવા પીળા રંગના છે

### ગાથા–૨૪૭ થી ૨૫૨

આ દેવતાઓ કદી ન મુરઝાનારી માળાવાળા, નિર્મળ દેહવાળા, સુગંધિત શ્વાસવાળા, અવ્યવસ્થિત વયવાળા, સ્વયં પ્રકાશમાન અને અનિમેષ આંખવાળા હોય છે.

બધા દેવતા ૭૨-કળામાં પંડિત હોય છે.

ભવસંક્રમણની પ્રક્રિયામાં તેઓ પ્રતિપાત હોય છે.

શુભ કર્મોના ઉદયવાળા તે દેવોનું શરીર સ્વાભાવિક તો આભૂષણ રહિત હોય છે, પણ પોતાની ઇચ્છાનુસાર વિકુર્વેલા આભૂષણને દેવો ધારણ કરે છે.

સૌધર્મ-ઈશાનના આ દેવો માહાત્મ્ય, વર્ણ, અવગાહના, પરિમાણ અને આયુ મર્યાદા આદિ સ્થિતિ વિશેષમાં હંમેશા ગોળ સરસવની સમાન એકરૂપ હોય છે.

આ કલ્પોમાં લીલા, પીળા, લાલ, શ્વેત અને કાળા વર્ણના ૫૦૦ ઊંચા પ્રાસાદ શોભે છે.

ત્યાં સેંકડો મણિઓથી જડિત ઘણા પ્રકારના આસન, શય્યા, સુશોભિત વિસ્તૃત વસ્ત્ર, રત્નમય માળા અને વિવિધ પ્રકારના અલંકારો રહેલા હોય છે.

### ગાથા–૨૫૩ થી ૨૫૫

સાનત્કુમાર અને માહેન્દ્રકલ્પમાં પૃથ્વીની જાડાઈ ૨૬૦૦ યોજન છે, તે પૃથ્વી રત્નોથી ચિત્રિત છે.

ત્યાં લીલા, પીળા, લાલ, સફેદ, કાળા એવા ૬૦૦ ઊંચા પ્રાસાદો શોભી રહેલા કહ્યા છે.

ત્યાં સેંકડો મણિઓથી જડિત, ઘણા પ્રકારના આસન-શય્યા-સુશોભિત વિસ્તૃત વસ્ત્ર, રત્નમયવાળા, અલંકાર હોય છે.

### ગાથા–૨૫૬ થી ૨૫૮

બ્રહ્મ અને લાંતક કલ્પમાં પૃથ્વીની જાડાઈ ૨૫૦૦ યોજન હોય છે. તે પૃથ્વી રત્નોથી ચિત્રિત હોય છે.

સુંદર મણિની વેદિકાથી યુક્ત, વૈડૂર્ય મણિઓની સ્તૂપિકા યુક્ત, રત્નમયમાલા અને અલંકારોથી યુક્ત ઘણા પ્રકારના પ્રાસાદો આ વિમાનોમાં હોય છે.

ત્યાં લાલ, પીળા અને સફેદ વર્ણવાળા ૭૦૦ ઊંચા પ્રાસાદો શોભાયમાન રહેલા છે.

### ગાથા–૨૫૯ થી ૨૬૨

શુક્ર અને સહસ્રાર કલ્પમાં પૃથ્વીની જાડાઈ ૨૪૦૦ યોજન હોય છે, તે પૃથ્વી રત્નોથી ચિત્રિત હોય છે.

સુંદર મણિ અને વેદિકા, વૈડૂર્ય મણિની સ્તૂપિકા, રત્નમય માળા અને અલંકારોથી યુક્ત એવા ઘણા પ્રકારના પ્રાસાદ ઉક્ત બંને કલ્પના વિમાનોમાં હોય છે.

પીળા અને સફેદ વર્ણવાળા ૮૦૦ ઊંચા પ્રાસાદો છે.

ત્યાં સેંકડો મણિથી જડિત ઘણા પ્રકારના આસન, શય્યા, સુશોભિત વિસ્તૃત વસ્ત્ર, રત્નમયમાળા અને અલંકાર હોય છે.

**ગાથા–૨૬૩ થી ૨૬૫**

આણત-પ્રાણત કલ્પમાં પૃથ્વી જાડાઈ-૨૩૦૦ યોજનની હોય છે. તે પૃથ્વી રત્નોથી ચિત્રિત હોય છે.

સુંદર મણિઓની વેદિકા, વૈડૂર્ય મણિની સ્તૂપિકા, રત્નમય માળા, અલંકારોથી યુક્ત ઘણા પ્રકારના પ્રાસાદ ઉક્ત બંને કલ્પના વિમાનોમાં હોય છે.

શંખ અને હિમ જેવા શુક્લ વર્ણના ૯૦૦ ઊંચા પ્રાસાદો છે.

**ગાથા–૨૬૬ થી ૨૬૮**

ગ્રૈવેયક વિમાનોમાં ૨૨૦૦ યોજન પૃથ્વીની જાડાઈ હોય છે અને તે પૃથ્વી રત્નોથી ચિત્રિત હોય છે.

સુંદર મણિની વેદિકા, વૈડૂર્ય મણિની સ્તૂપિકા, રત્નમય માળા અને અલંકારોથી યુક્ત ઘણા પ્રકારના પ્રાસાદો ઉક્ત ગ્રૈવેયક વિમાનોમાં ત્યાં રહેલા હોય છે.

શંખ અને હિમ જેવા શ્વેત વસ્ત્રવાળા એવા ૧૦૦૦ ઊંચા પ્રાસાદો તે શોભિત છે, તેમ કહેલ છે.

**ગાથા–૨૬૯ થી ૨૭૨**

પાંચ અનુત્તર વિમાનોમાં ૨૧૦૦ યોજન પૃથ્વીની જાડાઈ હોય છે, તે પૃથ્વી રત્નોથી ચિત્રિત છે. સુંદર મણિની વેદિકા, વૈડૂર્ય મણિની સ્તૂપિકા, રત્નમય માળા અને અલંકારોથી યુક્ત ઘણા પ્રકારના પ્રાસાદ ત્યાં છે.

શંખ અને હિમના જેવા શ્વેત વર્ણવાળા ૧૧૦૦ ઊંચા પ્રાસાદ આ અનુત્તર વિમાને શોભે છે. સેંકડો મણિથી જડિત, ઘણા પ્રકારના આસન, શય્યા અને સુશોભિત વિસ્તૃત વસ્ત્ર, રત્નમય માળા, અલંકાર ત્યાં હોય છે.

**ગાથા–૨૭૩ થી ૨૭૮**

સર્વાર્થસિદ્ધ વિમાનના સૌથી ઊંચા સ્તૂપને અંતે બાર યોજન ઉપર ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી આવેલી છે.

તે પૃથ્વી, નિર્મળ જળકળ, હિમ, ગાયનું દૂધ, સમુદ્રના ફીણ જેવી ઉજ્જ્વળ વર્ણવાળી છે.

તથા ઊલટા કરાયેલા છત્રના આકારે સ્થિત છે.

તે ૪૫-લાખ યોજન લાંબી-પહોળી છે.

તેના કરતા ત્રણ ગણાથી અધિક તેની પરિધિ છે. જેનું માપ - ૧,૪૨,૩૦,૨૪૯ યોજન છે.

તે પૃથ્વી મધ્યભાગે આઠ યોજન જાડી છે.

ઘટતા ઘટતા માખીની પાંખ જેવી પાતળી થઈ જાય છે.

તે શંખ, શ્વેત રત્ન, અર્જુન સુવર્ણ સમાન વર્ણવાળી તથા ઊલટા છત્રના આકારવાળી છે.

**ગાથા–૨૭૯, ૨૮૦**

સિદ્ધશિલાની ઉપર એક યોજન પછી લોકનો અંત આવે.

તે એક યોજનના ઉપરના ૧૬માં ભાગમાં સિદ્ધોનું સ્થાન અવસ્થિત છે. તેમ તું જાણ.

ત્યાં તે સિદ્ધ ભગવંતો નિશ્ચયથી વેદનારહિત, મમતારહિત, આસક્તિ રહિત, શરીર રહિત એવા ઘનીભૂત આત્મપ્રદેશોથી નિર્મિત આકારવાળા (જો કે નિરાકાર જ હોય) હોય છે.

**ગાથા–૨૮૧ થી ૨૯૧**

૧) સિદ્ધો ક્યાં અટકે છે ?

૨) સિદ્ધો ક્યાં પ્રતિષ્ઠિત થાય છે ?

૩) તેઓ પોતાના શરીરનો ક્યાં ત્યાગ કરે છે ?

૪) તેઓ ક્યાં જઈને સિદ્ધ થાય છે ?

શરીર છોડતી વખતે અંતિમ સમયે જે સંસ્થાન હોય, તે સંસ્થાને જ આત્મપ્રદેશો ઘનીભૂત થઈ તે

સિદ્ધાવસ્થા પામે છે.

અંતિમ ભવે શરીરનું જે દીર્ઘ કે હ્રસ્વ પ્રમાણ હોય છે, તેનો એક તૃતીયાંશ ભાગ ઘટી જઈને સિદ્ધાવગાહના થાય છે.

સિદ્ધોની ઉત્કૃષ્ટાવગાહના સાધિક ૩૩૩ ધનુષ જાણ.

સિદ્ધોની મધ્યમાવગાહના ચાર હાથ પૂર્ણ ઉપર બે તૃતીયાંશ હાથ પ્રમાણ કહી છે.

*** નોંધ - અહીં રત્ની શબ્દ છે, રત્ની એટલે એક હાથ પ્રમાણ, જેને કોશમાં દોઢ ફૂટ પ્રમાણ કહી છે.

જઘન્યાવગાહનાથી સિદ્ધો એક હાથ પ્રમાણ અને આઠ અંગુલથી કંઈક અધિક કહેવાયેલા છે.

અંતિમ ભવ ના શરીરના ત્રણ ભાગમાંથી એક ભાગ ન્યૂન અર્થાત્ બે તૃતીયાંશ ભાગ પ્રમાણ સિદ્ધોની અવગાહના કહી છે.

જરા અને મરણથી વિમુક્ત અનંત સિદ્ધો હોય છે.

તે બધા લોકાંતને સ્પર્શતા એકબીજાને અવગાહે છે.

અશરીર સઘન આત્મપ્રદેશ વાળા, અનાકાર દર્શન અને સાકાર જ્ઞાનમાં અપ્રમત્ત એ સિદ્ધોનું લક્ષણ છે.

સિદ્ધ આત્મા પોતાના આત્મપ્રદેશોથી અનંત સિદ્ધોને સ્પર્શે છે. એ સ્પર્શના દ્વાર જાણ.

દેશ-પ્રદેશોથી સિદ્ધો પણ અસંખ્યાતગણા છે.

### ગાથા–૨૯૨, ૨૯૩

કેવળજ્ઞાનમાં ઉપયોગવાળા સિદ્ધો બધા દ્રવ્યોના દરેક ગુણ અને દરેક પર્યાયોને જાણે છે.

અનંત કેવળ દૃષ્ટિથી બધું જ જુએ છે.

જ્ઞાન–દર્શન એ બંને ઉપયોગમાં બધા કેવળીને એક સમયમાં એક ઉપયોગ હોય, બંને ઉપયોગ સાથે ન હોય.

### ગાથા–૨૯૪ થી ૩૦૨

દેવગણના સમૂહના સમસ્ત કાળના સમસ્ત સુખોને અનંતગણા કરવામાં આવે. ત્યારપછી – તે સંખ્યાને અનંત વર્ગોથી વર્ગિત કરાય.

તો પણ મુક્તિના સુખની તુલના ન થઈ શકે.

મુક્તિ પ્રાપ્ત સિદ્ધોને જે અવ્યાબાધ સુખ છે, તે સુખ મનુષ્યને કે સમસ્ત દેવતાને પણ નથી.

સિદ્ધના સમસ્ત સુખરાશિને જો –

૧) સમસ્તકાળથી ગુણિત કરવામાં આવે,

૨) ત્યારપછી તેનું અનંત વર્ગમૂળ કરવામાં આવે,

૩) તો પણ પ્રાપ્ત સંખ્યા સમસ્ત આકાશમાં ન સમાય.

જેવી રીતે કોઈ મ્લેચ્છ અનેક પ્રકારના નગરના ગુણોને જાણતો હોય તો પણ પોતાની ભાષામાં અપ્રાપ્ત ઉપમાઓને કારણે તે ગુણો કોઈને કહી શકતો નથી.

એ રીતે સિદ્ધોનું સુખ અનુપમ છે. સિદ્ધોના સુખોની કોઈ ઉપમા નથી, તો પણ કેટલાક વિશેષણો દ્વારા તેની સમાનતા કહું છું.

કોઈ પુરુષ સૌથી ઉત્કૃષ્ટ ભોજન કરીને, ભૂખ અને તરસથી મુક્ત થઈ જાય અને તે એમ જાણે કે તે અમૃતથી તૃપ્ત થયો છે.

એ રીતે સમસ્ત કાળમાં તૃપ્ત, અતુલ, શાશ્વત અને અવ્યાબાધ નિર્વાણસુખને પામીને સિદ્ધો સુખી રહે છે.

તેઓ સિદ્ધ છે, બુદ્ધ છે, પારગત છે, પરંપરાગત છે.

કર્મરૂપી કવચથી ઉન્મુક્ત, અજર-અમર-અસંગ છે.

જેમણે બધા દુઃખોને દૂર કરી દીધા છે. જાતિ-જન્મ-જરા-મરણના બંધનથી મુક્ત, શાશ્વત, અવ્યાબાધ સુખનો તે સિદ્ધો નિરંતર અનુભવ કરતા રહે છે.

**ગાથા–૩૦૩ થી ૩૦૫**

સમગ્ર દેવોની અને તેના સમગ્ર કાળની જે ઋદ્ધિ છે, તેનું અનંતગણુ કરીએ તો પણ જિનેશ્વર પરમાત્માની ઋદ્ધિના અનંતાનંત ભાગ બરાબર ન થાય.

સંપૂર્ણ વૈભવ અને ઋદ્ધિયુક્ત ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વિમાનવાસી દેવ પણ અરહંતોને વંદન કરે છે.

ભવનપતિ, વાણવ્યંતર, વિમાનવાસી દેવો અને ઋષિપાલિત પોતપોતાની બુદ્ધિથી જિન-મહિમા વર્ણવે છે.

**ગાથા–૩૦૬ થી ૩૦૮**

વીર અને ઈન્દ્રોની સ્તુતિના કર્તા, જેઓ પોતે બધા ઈન્દ્રો અને જિનેન્દ્રોની સ્તુતિ અને કીર્તન કર્યું છે, તે સુરો, અસુરો, ગુરુ અને સિદ્ધો મને સિદ્ધિ આપો.

આ રીતે ભવનપત્યાદિ ચારે દેવનિકાય દેવોની સ્તુતિ સમગ્રરૂપે સમાપ્ત થઈ.

## દેવેન્દ્રસ્તવ– પ્રકીર્ણક સૂત્ર– ૯નો
## મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**–1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**–2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

**बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:**

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૩૨

# દેવેન્દ્રસ્તવ

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:– (1) **www.jainelibrary.org** (2) **deepratnasagar.in**

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ **09825967397**